ઘણાંને વાંચતાં આવડી જાય પછી પણ શું વાંચવું એની ખબર નથી હોતી
- બર્નાડ શો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૩૧ | ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૩, સોમવાર; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## માણસામાં 81 ટકા વિક્રમી મતદાન

### ગત સામાન્ય ચૂંટણી કરતાં પાંચ ટકાનો વધારો નોંધાયો; પેથાપુરની પેટા ચૂંટણીમાં ૭૩ ટકા મતદાન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની અને પેથાપુર નગરપાલિકામાં મતદારોએ ભારે ઉત્સાહ દાખવી જંગી મતદાન કરતાં રાજકીય વર્તુળોમાં પરિણામોને લઈ ઉત્તેજનાઓ ઉભી થવા પામી છે.

માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં આ વર્ષે વિક્રમી મતદાન નોંધાયું છે. આ ચૂંટણીમાં ૮૧.૪૧ ટકા મતદાન નોંધાયું છે. પુરુષ મતદારોનું મતદાન ૮૩ ટકા અને મહિલા મતદારોએ ૭૯.૭૦ ટકા જેટલું મતદાન કરી આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આગવો રેકર્ડ બનાવ્યો છે.

માણસા નગરપાલિકાની આ સામાન્ય ચૂંટણીમાં સૌથી વધુ મતદાન વોર્ડ નં. ૪માં ૮૭.૪૫ ટકા તો વોર્ડ નં. ૯માં ૮૭.૦૯ ટકા નોંધાયું છે જયારે સૌથી ઓછું મતદાન વોર્ડ નં. ૭માં ૭૭.૫૬ ટકા જેટલું નોંધાયું છે. નગરપાલિકાની છેલ્લી સામાન્ય ચૂંટણી કરતાં આ ચૂંટણીમાં ૫ ટકા જેટલું વધુ મતદાન નોંધાયું છે.

નગરપાલિકાની આ સામાન્ય ચૂંટણીમાં મતદારોએ સવારથી જ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને પ્રથમ બે કલાકમાં જ ૨૩ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. સવારથી જ પરીવારોના પરિવારોએ લાઈનમાં ઉભા રહી હોંશથી મતદાનમાં ભાગ લીધો હતો. આજે રવિવારની રજા હોવા છતાં યુવા મતદારોએ પણ ભારે સક્રિયતા દાખવી હતી.

માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે નિમાયેલા નિરીક્ષક જયશ્રીબેન દેવાંગણ અને ચૂંટણી અધિકારીશ્રી હિમાંશુ પટેલ તથા માણસા મામલતદાર અને અન્ય અધિકારીઓએ સતત શહેરમાં ફરી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી.

મતદાન શાંતિપૂર્ણ થયું હતું તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી. તંત્ર એ પણ ભારે મતદાનનો અંદેશો આવી જતાં પુરેપુરી સતર્કતા દાખવી અને લાઈનો ઝડપથી ઘટે તે પર પુરતુ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું.

માણસા નગરપાલિકામાં ઉમેદવારોના સમર્થકો મતદારોને બહાર કાઢવામાં સફળ રહ્યા હતા પરંતુ થયેલા ભારે મતદાન પછી પરીણામ કોના તરફી રહેશે તે કળવું મુશ્કેલ બની જવા પામ્યું હતું. બંને પક્ષોએ તેમના વિજયનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

માણસા નગરપાલિકામાં ૬૧ ઉમેદવારોએ જંગમાં

● અનુસંધાન પાન-૭ પર



વિજ્ઞાન અને ટેકનોલોજીમાં શાળાના વિદ્યાર્થીઓ વિશેષ રસ લેતા થયા છે... વિદ્યાર્થીઓ પોતાની આગવી સૂઝ અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિશેષ સાયન્સ પ્રોજેક્ટ નિર્માણ કરી શાળા કક્ષા ઉપરાંત જિલ્લા અને રાજ્ય કક્ષાએ આ પ્રોજેક્ટને પ્રદર્શિત કરતા હોય છે. તાજેતરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે યોજાયેલ સાયન્સ ફેરમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. (તસવીર : દિપક જાની)

## જિલ્લામાં સંયુક્ત કુટુંબ પ્રથા તુટી રહી છે

### કોમ્પ્યુટર-લેપટોપની સુવિધામાં રાજ્યમાં ત્રીજા ક્રમે ગાંધીનગર : ૨૪ ટકા કુટુંબોમાં ૪ વ્યક્તિઓ છે



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સંયુક્ત કુટુંબ પ્રથા ખુબ ઝડપથી તુટી રહી છે જે સૌથી મોટી સામાજિક ચિંતાનો વિષય બની ઉભરી છે. આ ચોંકાવનારી હકીકત ૨૦૧૧ની વસ્તી ગણતરીના તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં બહાર આવવા પામી છે.

ટોફલરના પુસ્તક 'ફયુચર શોક'માં ભારતમાં સંયુક્ત પ્રથા તુટતી જોવા મળશે તેવો ઉલ્લેખ છે હવે આ સામાજિક ચિંતા બની તે હકીકત બહાર આવી રહી છે.

વસ્તી ગણતરીનું જે પરિણામ જાહેર થયું છે તેમાં ગાંધીનગર જિલ્લામાં એક ઘરમાં એક જ દંપત્તિ રહેતુ હોય તેવા પરિવારો ૬૪.૫ ટકા જણાયા છે. બે દંપત્તિ ધરાવતુ ઘર હોય તેવા પરિવારો ૧૯.૧ ટકા, ત્રણ દંપત્તિ ધરાવતુ ઘર હોય તેવા ૪.૮ ટકા અને ચાર દંપત્તિ ધરાવતુ ઘર હોય તેવા ૦.૬ ટકા તથા ૫ કે તેથી વધુ દંપત્તિ ધરાવતા ઘરની સંખ્યા ૦.૧ ટકા જેટલી છે.

આ પરિણામમાં સૌથી વધુ ચૌંકાવનારી ઘટના એ જોવા મળી છે કે ઘરમાં એક પણ દંપત્તિ નથી તેવી સંખ્યા ૧૦.૯ ટકા છે.

જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુટુંબોની કુલ સંખ્યા (સંસ્થાકીય કુટુંબો સિવાય) ૨,૮૭,૨૦૦ જણાઈ છે. આ પૈકી પોતાનું ઘરનું ઘર ધરાવતા કુટુંબોની સંખ્યા ૮૧.૮ ટકા છે. જ્યારે ભાડાના મકાનમાં રહેતા કુટુંબોની સંખ્યા ૧૪.૬ ટકા છે.

● અનુસંધાન પાન-૭ પર



રાજ્યમાં યોજાયેલી નગરપાલિકાની ચુંટણીમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

## રાજ્ય ૭૪ નગરપાલિકાઓમાં શાંતિપુર્ણ મતદાન

અમદાવાદ,તા. ૧૦

રાજ્યની ૭૪ નગરપાલિકાઓના ૬૨૨ વોર્ડની ૧૮૪૨ બેઠકો માટે સામાન્ય ચુંટણી તથા સાત નગરપાલિકાના આઠ વોર્ડની નવ બેઠકોની પેટા ચુંટણી માટે આજે મતદાન યોજાયું હતું. મતદાન શાંતિપુર્ણ રીતે પુર્ણ થતાં તંત્રએ રાહત અનુભવી હતી. તમામ જગ્યાઓએ શાંતિપુર્ણ મતદાનની ખાતરી કરવા માટે પહેલાથી જ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. આજે સવારથી જ મતદાન માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગાંધીનગર નગરપાલિકાની ચુંટણીમાં ૭૫ ટકા જેટલું ઉંચું મતદાન થયું હતું. જ્યારે અમદાવાદ નગરપાલિકા માટે ૬૫ ટકા જેટલું મતદાન થયું હતું. સોનગઢ નગરપાલિકામાં ૭૫ ટકા મતદાન થયું હતું. ઉંચા મતદાન બાદ ઉમ્મીદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સુરેન્દ્રનગર નપાની વાત કરવામાં આવે તો ચોટીલામાં ૭૨.૩૨ ટકા, પારડીમાં ૭૦.૯૯ ટકા મતદાન થયું હતું. જેતપુર વોર્ડ નં-૧માં બેલેટ પત્રમાં ખોટું નામ હોવાને કારણે પુનઃમતદાન માટેનો આદેશ કરવામાં આવ્યો હતો.

દરમિયાન ગુજરાત પ્રદેશ ભાજપના પ્રવક્તા આઈ કે જાડેજાએ જણાવ્યું છે કે, આજે યોજાયેલી નગરપાલિકા ચુંટણીઓના મતદાનમાં વિધાનસભાની માફક મતદારોએ ઉત્સાહ દાખવીને જોશભેર મતદાન કર્યું છે. પ્રદેશ ભાજપા અધ્યક્ષ આર સી ફળદુએ આજે યોજાયેલા મતદાન માટે મતદારોનો આભાર માન્યો છે. તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, આજનું જોશભેર ભારે મતદાન ભાજપની શહેરી ક્ષેત્રોની વિકાસ પ્રક્રિયામાં ચોક્કસ સમર્થનરૂપ બની રહેશે. જાડેજાએ જણાવ્યું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાતમાં વિકાસની આગવી સફળતાના અનેક લાભો શહેરીક્ષેત્રોને પ્રાપ્ત થયા છે. છેલ્લા દસકામાં રાજ્યના શહેરોના આગવા વિકાસ દ્વારા શહેરી જનજીવનની સુખાકારીમાં વધારો થયો છે. ભાજપા નગરપાલિકાની ચૂંટણીઓમાં સવિશેષ જનાદેશ પ્રાપ્ત કરીને મોટી સફળતા પ્રાપ્ત કરશે. તેઓએ નગરપાલિકા ચૂંટણીમાં ભાજપના વિજયનો વિશ્વાસ વ્યક્ત કરતાં મતદારોનો ઉત્સાહપૂર્વક ભારે મતદાન માટે આભાર માન્યો છે.

## રાજ્યમાં ઠંડી ઘટી : ગાંધીનગરમાં ૧૨ ડિગ્રી

### નલિયા ૬.૬ ડિગ્રી, ડિસામાં ૧૦, ભુજ ૧૧.૬, કંડલાબંદર ૧૨.૬

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં આજે ઠંડીમા ઘટાડો નોંધાતા લોકોએ રાહત અનુભવી હતી. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી નલિયામાં ૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. આ ઉપરાંત રાજ્યમાં લઘુતમ તાપમાન ડિસામાં ૧૦, ભુજ ૧૧.૬, ગાંધીનગર ૧૨, કંડલાબંદર ૧૨.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે તમામ જિલ્લા, દિવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧.૨ અને લઘુતમ તાપમાન ૧૪.૩ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૪૨ ટકા અને સાંજે ૫.૩૦ વાગે ૩૪ ટકા નોંધાયુ હતુ. રાજ્યમાં લઘુતમ તાપમાન ભૂજમાં ૧૧.૬, રાજકોટમાં ૧૫.૩, વડોદરામાં ૧૪.૭, સુરતમાં ૧૭, વલસાડમાં ૧૪.૬, દીવમાં ૧૬.૨, અમરેલીમાં ૧૩.૭, ભાવનગરમાં ૧૫.૯, વલ્લભવિદ્યાનગરમાં ૧૫.૨, સુરેન્દ્રનગરમાં ૧૪.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.







**મતદારયાદીની સુધારણા-૨૦૧૩**

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૩ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....**

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?
શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?
શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

તા. ૧૧-૨-૨૦૧૩ થી તા. ૨૬-૨-૨૦૧૩ સુધી મતદારયાદીનો મુસદ્દો

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વૉર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૩ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceogujarat.nic.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

........................

તા. ૧૭ અને ૨૪-૨-૨૦૧૩ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**અરજી કરવાની તારીખ : ૧૧-૨-૨૦૧૩ થી તા. ૨૬-૨-૨૦૧૩ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી/૨૨૦૦/૧૨-૧૩ — મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય



